સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના
તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમોમાં
અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ
આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૨/ન.બા./૪૪/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૦/૪/૨૦૧૨

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૦-૪-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૧/૩૫૨/ન.બા..૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા. ૨૭/૧/૨૦૧૨ નો પત્ર ક્રમાંક:વિજાક/શિક્ષણ/ન.બા./૨૦૧૧-૧૨/૧૦૬

ઠ રા વ:-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ આપવાની યોજના અમલમાં છે. જે અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના તા. ૨૦-૪-૨૦૧૧ ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માસિક રૂ. ૨૫૦/- સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. તેમજ આ યોજનામાં વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં ૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં ૨૫,૦૦૦/-ની છે. જેમાં વધારો કરવા અંગે વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના તા. ૨૭/૧/૨૦૧૨ ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણએ કરેલ દરખાસ્ત અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને આપવામાં આવતા સ્ટાઇપેન્ડ માસિક રૂ. ૨૫૦/-ના બદલે રૂ. ૪૦૦/- કરવા તથા આ યોજના માટે વિદ્યાર્થીના વાલીની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં ૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ. ૨૫,૦૦૦/- છે તેના બદલે ગ્રામ્ય વિસ્તારમાં ૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ. ૩૬,૦૦૦/- કરવાનું નકકી કરવામાં આવે છે. અને આ માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૨૮૫.૦૦ લાખ અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરા)ની જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોએ આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ યોજનાનું નામ " સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ આપવાની સ્વામી વિવેકાનંદ યોજના " રાખવામાં આવે છે.

(૧) આ ખર્ચ તા. ૧/૪/૨૦૧૨ થી કરવાનો રહેશે.

(૨) નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને સને ૨૦૧૨-૧૩ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અને વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

(૪) સને ૨૦૧૧-૧૨ ના વર્ષની જોગવાઇમાંથી કોઇ નવી બાબત માટે ખર્ચ કરવાનો રહેશે નહીં. સિવાય કે આ નવી બાબત માટે જરૂરી બજેટ જોગવાઇ કરવામાં આવી હોય.

(૫) આ યોજનાનો સૂચારૂ અમલ થાય તે માટે સમયાંતરે સમીક્ષા માટેની ચોકકસ વ્યવસ્થા નિયામકશ્રી(વિ.જા)એ ગોઠવવાની રહેશે.

(૬) આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

(૭) યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૨ મુખ્ય સદર ૨૨૨૫, અનુજાતિ/અનુ.આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ મુખ્ય પેટા સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, (૦૩) બીસીકે-૮૩ તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ (સા.શૈ.પ.વ.) સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં )ની તા. ૧૦-૪-૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઇ. જે. મનસુરી )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ/ગ/અ શાખા, સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.